પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૯ | ૧૯ ઓગસ્ટ, ૨૦૧૭, શનિવાર ; શ્રાવણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ગુજરાત સ્વાઈન ફલુના ભરડામાં

### રાજ્યમાં વધુ ૧૨ મોત : રાજ્યભરમાં નવા ૨૨૮ કેસથી ચકચાર : સારવાર હેઠળની સંખ્યા હજુ ૧૨૯૯ હોવાથી ચિંતા



ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતભરમાં સ્વાઈન ફલુનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. આજે વધુ ૧૨ લોકોના મોત સાથે મૃતાંક વધીને ૨૪૨ ઉપર પહોંચ્યો હતો. સ્વાઈન ફલુ બેકાબૂ હોવાના સંકેત મળી રહ્યા છે. રાજ્ય સરકાર અને સંબંધિત વિભાગો દ્વારા તમામ પગલા લવામાં આવી રહ્યા હોવા છતાં મોતનો આંકડો અને નવા કેસોનો આંકડો રોકેટગતિએ વધી રહ્યો છે. મોટાભાગના શહેરોમાં સ્વાઈન ફલુની દહેશત અકબંધ રહી છે. રાજ્યભરમાં સ્વાઈન ફલુથી વધુ ૧૨ લોકોના મોત સાથે આતંક જારી રહ્યો છે. નવા આંકડા મુજબ સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા ૧૨૯૯ નોંધાઈ છે જ્યારે સારવાર બાદ સ્વચ્થ થઈ ચુકેલા લોકોની સંખ્યા ૯૫૯ નોંધાઈ છે. આંકડા દર્શાવે છે કે, કુલ કેસોની સંખ્યા ૨૫૦૦ નોંધાઈ ચુકી છે. નવા કેસોની સંખ્યા આજે ૨૨૮ નોંધાઈ હતી જે પૈકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના વિસ્તારોમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૧૧ નોંધાઈ છે જ્યારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના વિસ્તારોમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૪૦, સુરતમાં ૭, આરએમજી હેઠળ ૫, કચ્છ ૬, આણંદ ૬, બીએમસી ૫, ભાવનગર ૬, ગાંધીનગર ૫, પંચમહાલ ૪, અમદાવાદ-સુરતમાં

● અનુસંધાન પાન-૭ પર

#### સ્વાઈન ફલુનું સરવૈયું

| | |
|---|---|
| કુલ કેસોની સંખ્યા | ૨૫૦૦ |
| કુલ મૃતાંક | ૨૪૨ |
| સારવાર બાદ સ્વસ્થ થયેલા લોકો | ૯૫૯ |
| હાલ સારવાર હેઠળ રહેલા લોકો | ૧૨૯૯ |
| નવા કુલ કેસોની સંખ્યા | ૨૨૮ |
| એએમસીમાં નવા કેસો | ૧૧૧ |
| વીએમસીમાં નવા કેસો | ૪૦ |
| એસએમસીમાં નવાકેસ | ૦૭ |
| બીએમસીમાં નવા કેસ | ૦૫ |
| ભાવનગરમાં નવા કેસ | ૦૬ |
| ગાંધીનગરમાં નવા કેસ | ૦૫ |
| પંચમહાલમાં નવા કેસ | ૦૪ |
| અમદાવાદમાં નવા કેસ | ૦૩ |
| સુરતમાં નવા કેસ | ૦૩ |
| રાજકોટમાં નવા કેસ | ૦૨ |

## ન્યુઝ ટ્રેક

### ભાજપ શાસિત મુખ્યમંત્રીઓની ૨૧મીએ બેઠક

ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની મહત્વની બેઠક ૨૧મીએ નવી દિલ્હી ખાતે યોજાશે. જેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ સંબોધશે.

### રાજસ્થાનમાં ગુર્જરોને ૫ ટકા અનામત

રાજસ્થાન સરકારે ગુર્જરો માટે ઓબીસી ક્વોટામાંથી ૫ ટકા વધુ અનામત આપવાનો નિર્ણય કર્યો છે.

### છત્તીસગઢમાં બે દિવસમાં ૨૦૦ ગાયોના મોત

છત્તીસગઢની એક ગૌશાળામાં ૨૦૦ ગાયોના ભુખમરાના કારણે મોત નીપજ્યા છે. માત્ર બે દિવસમાં ૨૦૦ ગાયોના મોત નીપજતા તંત્ર સામે વિવિધ આક્ષેપો થઈ રહ્યા છે.

### કાર્તિને હાજર થવા સુપ્રીમ કોર્ટનો હુકમ

સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટાચાર કેસના સંબંધમાં ૨૩મી ઓગસ્ટના દિવસે સીબીઆઈ હેડક્વાર્ટર પર તપાસકારો સમક્ષ ઉપસ્થિત થવા કાર્તિ ચિદમ્બરમને આજે આદેશ આપ્યો હતો. કાર્તિ ચિદમ્બરમ ભૂતપૂર્વ નાણામંત્રી ચિદમ્બરમના પુત્ર છે. ચીફ જસ્ટિસ જગદીશસિંહ ખેહર અને જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની બનેલી બેંચે કાર્તિ ચિદમ્બરમને પોતાના વકીલને સાથે રાખવાની મંજુરી આપી દીધી છે.

## ચારા કાંડમાં સીબીઆઈ કોર્ટમાં લાલુ

રાંચી, તા. ૧૮

બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય જનતા દળના નેતા લાલૂ પ્રસાદ યાદવ સીબીઆઈ કોર્ટમાં ઉપસ્થિત થયા હતા. આરજેડીના નેતા ત્રણ ઘાસચારા કૌભાંડ કેસના સંદર્ભમાં ઉપસ્થિત રહ્યા હતા. જો કે, સાક્ષીઓ કોઈપણ કેસમાં ઉપસ્થિત થયા ન હતા. ગુરુવારના દિવસે પણ લાલૂ યાદવ કોર્ટમાં ઉપસ્થિત થયા હતા. લાલૂ યાદવને હવે ૨૫મી ઓગસ્ટના દિવસે ઉપસ્થિત થવા માટે કહેવામાં આવ્યું છે. જો કે, તેઓએ ૨૭મી ઓગસ્ટ બાદની તારીખ માંગી હતી. કારણ કે, તેમની રેલી પટણામાં યોજાનાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## સ્પેનમાં ભીષણ આત્મઘાતી હુમલાનો પ્રયાસ

### સ્પેનના શહેર બાર્સેલોનામાં વેનથી મોટી સંખ્યામાં લોકોને કચડી નાંખવામાં આવ્યા : ત્રાસવાદ વિરોધી ઓપરેશન : અનેકની ધરપકડ : પાંચ ઠાર

બાર્સેલોના,તા. ૧૮

સ્પેનના શહેર બાર્સેલોનામાં ગુરૂવારની સાંજે ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ વ્યાપક ત્રાસવાદ વિરોધ ઓપરેશન સમગ્ર દેશમાં હાથ ધરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે વ્યાપક દરોડા શંકાસ્પદ સ્થળો પર પાડવામાં આવી રહ્યા છે. કેટલાક શકમંદોની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. સ્પેન પોલીસે ત્રાસવાદ વિરોધી ઓપરેશન હાથ ધર્યા બાદ વધુ એક મોટા હુમલાની યોજનાને નિષ્ફળ બનાવી દીધી છે. આજે સવારે ઓપરેશન દરમિયાન પાંચ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. તેમની પાસે વિસ્ફોટક સામગ્રી મળી આવી હતી. જેમાં બોમ્બ પણ હતા. તેમની પાસે વિસ્ફોટક બેલ્ટ પણ મળી આવ્યા છે. સ્પેન પર હજુ ત્રાસવાદી

હુમલાની ઘાત સંપૂર્ણ ટળી નથી. કારણ કે બાર્સેલોનામાં હુમલો કરનાર ડ્રાઈવર ફરાર છે. તેની શોધખોળ ચાલી રહી છે. ગુરૂવારે રાત્રે હુમલો કર્યા બાદ ફરાર થયેલા ડ્રાઈવરની ઉંડી તપાસ ચાલી રહી છે. બાર્સેલોનાના નજીકના શહેર કેમ્બ્રિલ્સ ખાતે અથડામણમાં પાંચ ત્રાસવાદીઓ માર્યા ગયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ઈન્ફોસીસના સીઈઓ વિશાલ સિક્કાનું રાજીનામુ

### ઇન્ફોસીસની મૂડી ૩૦,૦૦૦ કરોડ રૂપિયા ઘટી : ઇન્ફોસીસના શેરમાં રેકોર્ડ ૯.૬ ટકાનો ઘટાડો, રોકાણકારોને નુકસાન : ઇન્ટ્રા ડે દરમિયાન ઇન્ફોસીસના શેરમાં ૧૩ ટકાનો કડાકો

નવી દિલ્હી,તા. ૧૮

મહાકાય કંપની ઈન્ફોસીસના



મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ તરીકે વિશાલ સિક્કાએ રાજીનામુ આપી દીધા બાદ મૂડીરોકાણકારોની સંપત્તિમાં અભૂતપૂર્વ ઘટાડો આજે નોંધાયો હતો. આઈટીની મહાકાય કંપની ઈન્ફોસીસની માર્કેટ મૂડીમાં ૩૦૦૦૦ કરોડનો નોંધપાત્ર ઘટાડો થયો હતો. રોકાણકારોની આટલી સંપત્તિ જતી રહ્યા બાદ આની ચર્ચા આજે બજારમાં દિવસભર રહી હતી. સ્થાપક અને પૂર્વ ચેરમેન નારાયણ મૂર્તિના પરિવારનું રોકાણ પણ ૧૦૦૦ કરોડ સુધી ઘટી ગયું છે. કારણ કે ઈન્ફોસીસના શેર આજે રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યા હતા. મૂર્તિ, તેમના પત્નિ સુધા એન મૂર્તિ, પુત્રી અક્સ્થા અને પુત્ર રોહન મૂર્તિ ઈન્ફોસીસમાં

૩.૪૪ ટકાનો હિસ્સો ધરાવે છે. ઈન્ફોસીસના શેરમાં આજે ઈન્ટ્રા ડેના કારોબાર દરમિયાન ત્રણ ટકા સુધી ઘટી ગયા હતા અને અનેક વર્ષોની નીચી સપાટીએ પહોંચી ગયા હતા. એક વખતે ઈન્ફોસીસના શેરની કિંમત ઈન્ટ્રા ડે દરમિયાન ૮૮૪ રૂપિયા થઈ ગઈ હતી. ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટેટેજીક કે વિજયકુમારના કહેવા મુજબ સિક્કાના રાજીનામાના પરિણામ સ્વરુપે ભારે ખળભળાટ બજારમાં મચી ગયો હતો. અગાઉ ઈન્ફોસીસ બોર્ડે એક નિવેદન જારી કરીને સિક્કાના રાજીનામા માટે નારાયણ મૂર્તિને દોષિત ઠેરવ્યા હતા.

બેંગ્લોર સ્થિત ઈન્ફોસીસના બોર્ડ દ્વારા નિવેદન જારી કરવામાં આવ્યું હતું. જેમાં જણાવવામાં આવ્યું હતુ કે, વિશાલ સિક્કા પર મૂર્તિનો પ્રહારોનો દોર ચાલી રહ્યો હતો. ઈન્ફોસીસે એમ પણ કહ્યું છે કે, કંપની શેર બાયબેક પ્લાન સાથે આગળ વધશે. બુધવારના દિવસે આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. બાય બેક હેઠળ તેના શેર ધારકોને ૧૩૦૦૦ કરોડ રૂપિયા પાછા આપી શકશે. બાયબેક પ્લાનમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી. પત્રકાર પરિષદમાં ઈન્ફોસીસ બોર્ડના ચેરમેને કહ્યું હતું કે, અમે જે કહી ચુક્યા છે તે મુજબ આગળ વધીશું. બાયબેક પ્લાનમાં કોઈ ફેરફાર કરવામાં આવી રહ્યો નથી.

## ગોરખપુર મામલે જવાબ રજૂ કરવા યુપી સરકારને આદેશ

### છ સપ્તાહની અંદર એફિડેવિટ રજૂ કરવી પડશે : ૯મી ઓક્ટોબરે વધુ સુનાવણી

લખનૌ,તા. ૧૮

અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે ગોરખપુરની હોસ્પિટલમાં નવજાત શિશુ સહિત ૭૦થી વધુ બાળકોના મોતના મામલે ઉત્તર પ્રદેશ સરકાર પાસેથી જવાબની માંગ કરી છે. કોર્ટે સામાજિક કાર્યકર નૂતન ઠાકુર દ્વારા દાખલ કરવામાં આવેલી જાહેરહિતની અરજી ઉપર સુનાવણી ચલાવતી વેળા યોગી આદિત્યનાથ સરકાર અને ડિરેક્ટર જનરલ ઓફ મેડિકલ હેલ્થને છ સપ્તાહની અંદર આ મામલામાં વિસ્તૃત એફિડેવિટ દાખલ કરવાનો આજે આદેશ કર્યો હતો. સાથે સાથે આ મામલામાં વધુ સુનાવણી ૯મી

● અનુસંધાન પાન-૭ પર

## ટેરર ફંડિંગ મામલે વટાલી પાસેથી માહિતીનો ખજાનો મળ્યો

નવી દિલ્હી,તા. ૧૮

ખીણમાં ટેરર ફંડિગના મામલે ગુરૂવારના દિવસે ધરપકડ કરવામાં આવેલા શ્રીનગરના કારોબારી અને કટ્ટરપંથી હુરિયત નેતા સૈયદ અલી શાહ ગિલાનીના નજીકના જહુર અહેમદ વટાલીની પાસેથી સુરક્ષા દળોને ચોંકાવનારી માહિતીનો ખજાનો હાથ લાગ્યો છે. વટાલી પર આરોપ છે કે આ શખ્સે જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ, અલગતાવાદીઓ અને પથ્થરબાજોને નાણાં આપ્યા હતા. વટાલી પર શક

● અનુસંધાન પાન-૭ પર

કપલ / ફેમીલી LTC પ્રવાસો
આંદામાન - નિકોબાર
હેવલોક-નીલ આઇલેન્ડ
સ્પે. કેરાલા — મુન્નાર-થેકડી
દાર્જીલીંગ — ગંગટોક-પેલીંગ
સિમલા — મનાલી-ડેલ-અમૃત
ભુતાન — પારો-થિમ્પુ-પુનાખા
કુર્ગ-કબિની — વાયનાડ-હસન
નૈનિતાલ — કોર્બેટપાર્ક-મસૂરી
Since 1951 નૂતન ટ્રાવેલ્સ
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ
મો.૯૪૨૭૪૫૫૨૭૪/૯૪૦૮૬૪૩૭૫૬/૯૮૯૮૦૨૩૯૫૫




